શહેરમાં મોડી સાંજથી વરસાદી ઝાપટાં

શહેરમાં સિઝનનો હજુ ૧૮ ઇંચ વરસાદ : સેકટરવાસીઓ વરસાદી પાણી ભરાવાની સમસ્યાથી ત્રસ્ત

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગરમાં ચોમાસાની શરૂઆતથી જ મેઘરાજાનો મિજાજ મંદ જોવા મળે છે. અત્યાર સુધી શહેરમાં સિઝનનો માંડ ૧૮ ઇંચ વરસાદ વરસ્યો છે. જયારે મેઘરાજાના મંદ મિજાજ વચ્ચે રોજબરોજ આકાશમાં ગોરંભાતા વરસાદી વાદળોના અંતે ઝાપટિયો વરસાદ વરસે છે. હળવુ ઝાપટા શ્રાવણના સરવરિયા વરસાવતા વરસાદ વચ્ચે શહેરીજનો વિચિત્ર મોસમનો અનુભવ કરી રહ્યા હતા. ભીંજારાના મોહોલ વચ્ચે સેકટરોમાં વરસાદી સમસ્યાઓ ઉભરાતી નજરે પડે છે. મોડીસાંજે મેઘરાજા મન મુકીને વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

ગાંધીનગર શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૪૫૩ મી મી વરસાદ વરસ્યો છે. આજે પણ દિવસ દરમિયાન ઝરમર વરસાદ વરસ્યો હતો. શહેરમાં વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી છાંટણા વરસતા સેકટરોમાં ભીંજારાનો માહોલ યથાવત જોવા મળ્યો હતો. આજે પણ સવારથી જ વાદળિયુ વાતાવરણ જોવા મળ્યુ હતુ. ગઈકાલની જેમ આજે પણ સવારથી આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયેલા રહ્યા હતા. દિવસ દરમિયાન ઝરમરિયા વરસાદના લીધે વાતાવરણમાં ઉકળાટનુ પ્રમાણ રહ્યું હતું. વાદળિયા વાતાવરણ વચ્ચે સવારે અને સાંજના સમયે ભેજનુ પ્રમાણ પણ ૯૫ થી ૯૭ ટકા જોવા મળે છે. શહેરમાં સવારથી વરસાદી નઝારો નિખર્યો હતો. જો કે દિવસ દરમિયાન પણ વરસાદી છાંટણા વરસતા રહ્યા હતા જયારે સાંજના સમયે વરસાદના હળવા ઝાપટાથી સેકટરોમાં ઠેર ઠેર વરસાદી પાણી ભરાઈ ગયા હતા. શહેરમાં સતત ભીંજારાના માહોલ વચ્ચે સેકટરોમાં વરસાદી સમસ્યાના ઢગ ખડકાયા છે. સેકટરોમાં કાદવ કિચ્ચડ વચ્ચે ગંદકીના ઢગ ખડકાયા છે. જયારે લાંબા સમયથી પાણીનો ભરાવો થયો હોવાના લીધે ઠેક ઠેકાણે મચ્છર ઉત્તપત્તિ સ્થાનો અસ્તિત્વમાં આવ્યા છે. સેકટરોમાં કોમન

પ્લોટમાં રખડતા ઢોરના અડ્ડા વચ્ચે મચ્છરો અને જીવાતનો ઉપદ્રવ વધતા સેકટરવાસીઓ પરેશાન છે. શહેરમાં સતત ભીંજારના મોહોલ વચ્ચે ઠેર ઠેર ખોદકામ બાદ માટીપોલાણ થતા સ્થાનિકો માટે જોખમી સ્થિતિ સર્જાઇ છે. જયારે વરસાદી દિવસોમાં સેકટરોમાં ઘણાં ઠેકાણે સ્ટ્રીટ લાઇટો પણ ડુલ રહેતા સેકટરવાસીઓ અંધારપટ્ટથી પરેશાન છે. સેકટરોમાં રોજ ડોકીયા કરતી વરસાદી સમસ્યાઓથી ત્રસ્ત શહેરીજનો તંત્ર દ્વારા સફાઇ ઝુંબેશ તેમજ મચ્છર ઉત્તપત્તિ સ્થાનો ડામવા માટે ત્વરિત પગલા લે તેવી માંગ ઉઠાવી રહ્યા છે. શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૪૫૩ મી મી અલબત્ત ૧૮ ઇંચ જેટલો વરસાદ થયો છે. શુક્રવારે સાંજના સમયે પણ અલપ ઝલપ વરસતા વરસાદ વચ્ચે ઠેર ઠેર પાણી ભરાઇ ગયા હતા. જો કે મોડી સાંજે મેઘરાજાની મહેર થતા શહેરનું જનજીવન પ્રભાવિત થયુ હતુ. શહેરમાં વરસાદી સિઝનની શરૂઆતથી સતત ઝાપટીયો વરસાદ વરસી રહ્યો છે. સિઝનમાં અત્યાર સુધી માંડ બે થી ત્રણ વાર મેઘરાજા ધોધમાર વરસ્યા છે. ઝરમરિયા વરસાદના અંતે વાતાવરણમાં ઉકળાટનુ પ્રમાણ યથાવત રહેતા નગરજનો બેબાકળા બન્યા છે. સાંજે વરસાદી વાયરના અંતે વાતાવરણમાં ઠંડક પ્રવર્તી હતી. દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૦ ડીગ્રી રહ્યુ હતુ જયારે લઘુત્તમ તાપમાન ૨૫ ડીગ્રી રહ્યુ હતુ. મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે પણ નજીવો ફેરફાર જોવા મળે છે. આમછતા વધતા ભેજના પ્રમાણ સાથે વાતાવરણમાં વરસાદની ગેરહાજરી વચ્ચે ઉકળાટ વર્તાય છે. હવામાન તજજ્ઞોના મતે ઓગષ્ટના આગામી દિવસોમાં હજુ વરસાદ થવાની સંભાવના છે. મોડી સાંજે વરસાદી ઝાપટાએ જોર પકડ્યું હતું જે મોડીરાત સુધી ચાલુ રહેતા જનજીવન પ્રભાવિત થયું હતું.. મેઘરાજા મન મુકીને વરસ્યા હતા. શહેરમાં ઠેર ઠેર પાણી ભરાયા હતા.

રિકવરી રેટમાં નોંધપાત્ર સુધારો નોંધાયો

શહેર-જિલ્લામાં કોરોનાના ૧૪ તો ગ્રામ્યમાં ૫ કેસ નોંધાયા

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ગાંધીનગરમાં ૧, કલોલમાં ૩ અને માણસામાં ૧ કેસ નોંધાયો : શહેરમાં આજે સે. ૧માં ૨ કેસ ઉપરાંત રાંદેસણ, સરગાસણ, સુઘડ, ઝુંડાલ તેમજ સેકટર-૭, સે-૨૦ અને સે-૨૭માંથી પણ કેસો મળી આવ્યા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના નવા નોંધાયેલા કેસ કરતાં રિકવર થનાર દર્દીઓની સંખ્યા વધુ છે. શહેર-જિલ્લામાં આજે ૩૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જેમાં શહેરના ૨૦ દર્દીઓ અને ગ્રામ્યના ૧૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે.

શહેર-જિલ્લામાં રિકવરી રેટ ૯૨ ટકાથી વધુ થયો છે. રિકવરી રેટ સુધરી રહ્યો છે અને હોસ્પિટલાઈઝેશન રેટ ઓછો હોવાથી તંત્રએ રાહત અનુભવી છે.

શહેર-જિલ્લામાં શ્રાવણી પર્વોની ઉજવણીનો માહોલ જામ્યો હોવાથી ટેસ્ટીંગમાં પણ ઘટાડો જોવા મળી રહ્યો છે. ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના આજે માત્ર ૧૪ કેસ નોંધાયા છે. શહેરમાં નવા ૯ કેસ અને ગ્રામ્ય વિસ્તારમાં નવા ૫ કેસ નોંધાયા છે.

શહેર-જિલ્લામાં કેસોની સંખ્યામાં ચડાવ-ઉતારનો ટ્રેન્ડ જે રીતે ચાલી રહ્યો છે તેથી તંત્રની ચિંતાઓ ઘટી નથી. શહેર-જિલ્લામાં લોકલ ટ્રાન્સમિશનથી કેસોની સંખ્યામાં સતત દર્દીઓ મળી રહ્યા છે. લોકલ ટ્રાન્સમિશનને નિયંત્રણમાં લેવા માટે સર્વેલન્સ વધારવા સાથે વેક્સિનેશનની કામગીરી પણ ઝડપી બનાવવાની સૂચનાઓ આપવામાં આવી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના આજે પાંચ કેસ નોંધાયા છે જેમાં ૪ મહિલા અને એક દર્દી ૬૦થી વધુ વયના છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ગાંધીનગરમાં ૧, કલોલમાં ૩ અને માણસામાં એક કેસ નોંધાયો છે.

ગાંધીનગર તાલુકામાં સંવેદનશીલ બનેલ અડાલજ ગામમાં ૭૫ વર્ષના વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલમાં અદાણી શાંતિગ્રામ જાસપુર, ડીંગુચા અને ડાભલા ગામેથી કેસો મળેલ છે. માણસા તાલુકામાં વ્યાસ પાલડી ગામેથી એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આજે નોંધાયેલા દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા દર્દીઓ સાથે ૧૬૫ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૮૧૦૦થી વધુ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના નવા ૯ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા કેસોમાં ૩ મહિલા અને ૪ દર્દી ૬૦થી વધુ વય ધરાવતા દર્દી નોંધાયા છે. મહિલા અને મોટી વયના દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે. શહેરમાં આજે સે. ૧માં ૨ કેસ ઉપરાંત રાંદેસણ, સરગાસણ, સુઘડ, ઝુંડાલ તેમજ સે. ૭, ૨૦ અને ૨૭માંથી કેસો મળી આવેલ છે. આજે નોંધાયેલા કેસના બધા દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ સાથે ૧૬૦ જેટલા દર્દીઓ હાલ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

પેથાપુરની મહિલા સ્વાઈન ફ્લુમાં પટકાઈ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરમાં આજે સ્વાઈન ફ્લુનો એક કેસ નોંધાયો છે. ગ્રામ્ય વિસ્તારમાં સ્વાઈન ફ્લુથી મુક્ત થયેલ એક દર્દીને રજા આપવામાં આવી છે. ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ પેથાપુરમાંથી સ્વાઈન ફ્લુનો કેસ નોંધાયો છે. ૨૮ વર્ષીય મહિલાનો સ્વાઈન ફ્લુનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા દર્દીને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે. ગાંધીનગર શહેરમાં આજે નોંધાયેલા આ કેસ સાથે સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા પાંચ પર પહોંચી છે. ગ્રામ્ય વિસ્તારમાં કલોલ તાલુકામાં નોંધાયેલ ૭ વર્ષના બાળકને આજે સોલા સિવિલ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. જિલ્લામાં હાલ ૧૦ જેટલા કેસ સ્વાઈન ફ્લુના છે.

મઘા નક્ષત્રના વરસાદથી ખેતીને લાભ થશે

રાજયમાં આગામી દિવસોમાં વરસાદી ઝાપટા વરસશે

ઓગષ્ટના આગામી દિવસોમાં ગાંધીનગર અમદાવાદ સહીતના વિસ્તારમાં ઠેર ઠેર વરસાદી ઝાપટા યથાવત રહેશે

ગાંધીનગર તા ૧૨

જુલાઈ મહીનામાં રાજયમાં સાર્વત્રિક વરસાદ વરસ્યો હતો જયારે રાજયના વિવિધ ભાગોમાં જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી જો કે ગાંધીનગર સહીત ઉત્તર ગુજરાતના વિસ્તારમાં એકાદવાર મેઘરાજાએ બઘડાટી બોલાવી હતી ત્યારબાદ સતત હળવા ભારે વરસાદી ઝાપટાના અંતે અન્ય જિલ્લાઓની સાપેક્ષમાં ગાંધીનગર અમદાવાદમાં વરસાદ ઓછો હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે. જયારે ઓગષ્ટ મહીનાના આગામી દિવસોમાં પણ રાજયના વિવિધ ભાગોમાં વરસાદ થશે. જયારે ગાંધીનગર અમદાવાદમાં પણ વરસાદી ઝાપટા વરસશે. અલબત્ત વરસાદી ભીંજારો યથાવત રહેશે.

જાણીતા હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલના જણાંવ્યા મુજબ ઓગષ્ટ મહીના દરમિયાન ગુજરાતના ઘણાં ભાગોમાં વરસાદ થયો છે. છતા ઉત્તર મધ્ય ગુજરાતના ઘણાં ભાગોમાં વરસાદ ઓછો છે. તળાવ તેમજ બંધોમાં પાણી પુરતુ નથી. જો કે આ વિસ્તારમાં ખેતીલાયક વરસાદ સારો થયો છે. જયારે ઘણા ભાગોમાં વરાપ પણ નિકળે છે. ઓગષ્ટ મહીનામાં હજુ પણ વરસાદી ઝાપટા વરસવાની સંભાવના છે. ગાંધીનગર અમદાવાદમાં પણ વરસાદી ઝાપટા વરસશે. જયારે ઉત્તર ગુજરાતના પાટણ, મહેસાણા , સિદ્ધપુર સમી, હારીજ, સુરેન્દ્રનગર જિલ્લાના કેટલાક ભાગોમાં વરસાદી ઝાપટા પડી શકે છે. બનાસકાંઠા અને કચ્છના વિસ્તારમાં પણ વરસાદ થવાની સંભાવના છે. તા ૧૬ અને તા ૧૭ ઓગષ્ટ યુ પી એમ પી અને બિહારના ભાગોમાં વરસાદ થવાની શક્યતા છે. જયારે તા ૧૭ બાદ પર્વત આકારનો મેઘ જયાં ચઢે ત્યાં વરસાદ પડશે. રાજયના વિવિધ વિસ્તારમાં આગામી તા ૧૬ ઓગષ્ટ બાદ વરસાદ થવાની સંભાવના છે. દક્ષિણ ગુજરાત , ઉત્તર ગુજરાત પંચમહાલ, અરવલ્લી , સાબરકાંઠાના ભાગોમાં પણ વરસાદી ઝાપટા વરસશે. તા ૧૯ થી ૨૪ ઓગષ્ટ દરમિયાન રાજયના વિવિધ વિસ્તારમાં વરસાદી ઝાપટાના લીધે મેઘરાજાની જમાવટ જોવા મળશે. મઘા નક્ષત્રના આ વરસાદથી ખેતી પર સારી અસર જોવા મળશે.

જિલ્લામાં સાર્વત્રિક વરસાદ

કલોલ-માણસામાં મેઘરાજા મન મુકી વરસ્યા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકામાં આજે હળવાથી મધ્યમ વરસાદ નોંધાયો છે. રાત્રે ૮ વાગ્યા સુધીમાં જિલ્લામાં સાર્વત્રિક દોઢ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. મળતી વિગતો પ્રમાણે કલોલ-માણસામાં અઢી ઈંચ જેટલો વરસાદ સાંજે ૪ થી ૮

ના ગાળામાં નોંધાયો છે. કલોલમાં ૪ થી ૮ ના ચાર કલાકના ગાળામાં ૬૩ મી.મી., માણસામાં ૬૧ મી.મી. વરસાદ નોંધાયો છે. ગાંધીનગર તાલુકામાં ૮ મી.મી. જેટલો વરસાદ નોંધાયો છે. મોટા ફોરા સાથે પડેલા વરસાદને પગલે ચિલોડા અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારના ખેતરોમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા. સાંજે ૬ વાગ્યા પછી દહેગામમાં પણ વરસાદ નોંધાયો હતો. રાત્રિના ૮ વાગ્યા સુધીમાં ૬ મી.મી. જેટલો વરસાદ નોંધાયો છે. જિલ્લામાં સિઝનમાં સાર્વત્રિક વરસાદ બીજી કે ત્રીજીવાર આ વખતે નોંધાયો છે. જિલ્લામાં શુક્રવાર તા. ૧૨મી ઓગષ્ટના સવારના ૬ વાગ્યા સુધીમાં સરેરાશ ૪૩૭ મી.મી. વરસાદ નોંધાયો છે. જે ટકાવારીના સાપેક્ષમાં ૫૭.૪૪ ટકા જેટલો થાય છે. દહેગામમાં શુક્રવારની સવારના ૬ વાગ્યા સુધીમાં ૫૧૮ મી.મી., ગાંધીનગરમાં ૩૪૦ મી.મી., કલોલમાં ૪૯૫ મી.મી. અને માણસામાં ૩૯૩ મી.મી. વરસાદ નોંધાયો છે. જિલ્લામાં સૌથી ઓછો વરસાદ ગાંધીનગર તાલુકામાં નોંધાયો છે.

મેઘરાજાની આ સિઝનની બીજી સવારી આવી પહોંચી છે. ગાંધીનગરમાં આજે હળવા વરસાદી ઝાપટાઓ નોંધાયા હતા જો કે સાંજે ૬ થી ૮માં ગ્રામ્ય વિસ્તારમાં સારો વરસાદ થતાં ખેતરોમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા. તંત્ર આ સમયગાળામાં ૫ મી.મી. વરસાદ નોંધાયાનું જણાવે છે.

સરદાર સરોવર નર્મદા ડેમના પાંચ દરવાજા ૩૦ સે.મી. ખોલીને અંદાજે ૧૦ હજાર ક્યુસેક પાણીનો જથ્થો નર્મદા નદીમાં છોડાઇ રહ્યો છે, આજની સ્થિતિએ સરદાર સરોવર નર્મદા ડેમમાં પાણીનો ૮૩ ટકા જથ્થો ભરાયેલ છે. આશરે છેલ્લા ૨૫ દિવસથી સરદાર સરોવર નર્મદા ડેમના ભૂગર્ભ જળ-વિદ્યુત મથક દ્વારા દરરોજ સરેરાશ રૂા.૪ કરોડની કિંમતની ૨૦ મિલીયન યુનિટનું વિજ ઉત્પાદન થઈ રહ્યું છે. ભૂગર્ભ જળ-વિદ્યુત મથક દ્વારા વિજ ઉત્પાદન બાદ દરરોજ આશરે સરેરાશ ૪૫ હજાર ક્યુસેક પાણી નર્મદા નદીમાં છોડાતા નદી બે કાંઠે જોવા મળી હતી. વિજ ઉત્પાદન બાદ કેનાલ હેડ પાવર હાઉસ દ્વારા આજની સ્થિતિએ હાલમાં આશરે સરેરાશ ૨૦ હજાર ક્યુસેક પાણી ગુજરાતના વિવિધ વિસ્તારોમાં સિંચાઇ અને પીવાના પાણી માટે છોડાઇ રહ્યું છે. ૧૨મીએ બપોરે ૦૩:૦૦ કલાકે નર્મદા ડેમની સપાટી ૧૩૩.૯૫ મીટરે નોંધાઇ હતી.

આરોગ્ય કર્મચારી મહામંડળે આપેલા આદેશને પગલે આજે જિલ્લા પંચાયત સંકુલ ખાતે આરોગ્ય સેવાના સુપરવાઈઝર, મલ્ટીપરપઝ હેલ્થ વર્કર, ફિમેલ હેલ્થ વર્કર સંવર્ગના કર્મચારીઓએ ભારે સૂત્રોચ્ચાર કરી આરોગ્ય અધિકારીને આવેદનપત્ર આપ્યુ હતુ. સૂત્રોચ્ચાર કરી રહેલા કર્મચારીઓની તસ્વીર.

જિલ્લા પંચાયતમાં એક વર્ષ બાદ ઉપપ્રમુખને હવે અલાયદી ચેમ્બર મળે તેવા સંકેત...

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આંકડાશાખા તેમજ સંકલિત મહિલા બાળ વિકાસ શાખાની કચેરી રિનોવેટ થતાં જ હવે જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ ગુણવંતસિંહ ચાવડાને તેમની ચેમ્બર ફાળવવાનો માર્ગ મોકળો થયો છે.

જિલ્લા પંચાયતમાં ૯-૧૧-૨૧ના રોજ લાગેલી આગમાં આ બે શાખાઓને નુકશાન થયુ હતુ. આ પછી જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની વધુ એક ખાલી જગ્યા પર નિમણુંક થતાં પંચાયતમાં ચેમ્બરોનો વિવાદ ઉભો થયો હતો. ત્યારે ઉપપ્રમુખ ગુણવંતસિંહ ચાવડાએ નાયબ જિલ્લા વિકાસ અધિકારીને બેસવા પોતાની ચેમ્બર ફાળવી આપી હતી. છેલ્લા એક વર્ષથી તેઓ પ્રમુખની સાથે પ્રમુખની ચેમ્બરમાં બેસતા હતા. હવે મહિલા બાળ વિકાસના પ્રોગ્રામ ઓફિસરને તેમની રિનોવેટ થયેલી ચેમ્બરમાં અને શાખાને તેની મૂળ જગ્યાએ તબદીલ કરવામાં આવશે. પ્રોગ્રામ ઓફિસર જે ચીટનીસની ચેમ્બરમાં બેસતા હતા તેઓની ચેમ્બર ખાલી થતાં ચેમ્બર ઉપપ્રમુખને ફાળવવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

એક વર્ષ બાદ ઉપપ્રમુખને તેમની ચેમ્બર સપ્ટેમ્બર માસના પ્રથમ સપ્તાહમાં ઉપલબ્ધ થશે તેવા સંકેતો મળી રહ્યા છે. રિનોવેશનની કામગીરી પૂર્ણ થયા બાદ ફર્નિચર અને રેકર્ડ ફેરવવાની કામગીરીમાં ૧૫ દિવસ જેટલો સમય લાગશે તેવુ અનુમાન છે. પર્વો ને રજાના દિવસો હોવાથી આ સમય લાગશે.

જો કે ચીટનીસ હાલ આર્થિક જિલ્લા આરોગ્ય અધિકારીની ચેમ્બરમાં બેસે છે પણ તેઓ પ્રતિનિયુક્તી પર જતાં આ ચેમ્બર ઉપપ્રમુખને મળશે તેવી ચર્ચાઓ પંચાયતના વર્તુળોમાં આજે સાંભળવા મળી હતી.

વેરા વસુલાત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચુકવવામાં જોડાણકર્તાઓ નિરસતા દાખવી રહ્યા છે. કોર્પોરેશન કક્ષાએથી ઓનલાઈન મિલ્કત વેરો વસુલવામાં આવે છે તેવી રીતે આગામી દિવસોમાં પાણી ગટર વેરો પણ ઓનલાઈન ચુકવી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવશે આ વ્યવસ્થા ગોઠવવા માટે પણ લાંબા સમયથી જોડાણકર્તાઓ માંગ કરી રહ્યા છે. જેના લીધે હાલ પાણી ગટરના વેરાની ચુકવણી માટે વિવિધ કાઉન્ટર તેમજ તંત્રની કચેરીએ જોડાણકર્તાઓએ ધક્કા ખાવા પડે છે. આ સ્થિતિ નિવારવા તંત્રના અધિકારીઓ સંબંધિત વિભાગ સાથે પરામર્શ કરીને પાણી ગટર વેરા વસુલાતની કામગીરી ઓનલાઈન કરવા માટે પણ ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે.

તોફાને ચડ્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

દમણના દરિયામાં ભારે કરંટ જોવા મળ્યો છે. દમણના જાણીતા દેવકા બીચ પર દરિયામાં જોવા મળ્યા તોતિંગ મોજા પણ જોવા મળ્યા. દરિયાના પાણી ચોપાટી સુધી પ્રવેશી ગયા છે. પ્રવાસીઓથી ધમધમ તો દમણનો દરિયો હાલ સુમસામ ભાખી રહ્યો છે.

ગીર- સોમનાથનો દરિયો પણ ગાંડોતુર બનતાં ભારે પવન ફૂંકાવવાની સાથે ઊંચાં મોજાં ઊછળી રહ્યાં છે. દરિયામાં ઊછળતાં મોજાંઓની સાથે ૫૦ કિલોમીટરની ઝડપ કરતાં વધુ પવન ફૂંકાઈ રહ્યો છે, જેને લઈને માછીમારોના જીવ તાળવે ચોંટ્યા છે, જ્યારે અનેક જગ્યાએ વૃક્ષો પણ ધરાશાયી થયાં છે. અરબી સમુદ્રમાં ભારે કરંટથી અનેક બોટને નુકસાન પહોંચ્યું છે.

એવી જ રીતે દ્વારકામાં ગોમતીઘાટ સહિતના કિનારે અંદાજે ૧૨ થી ૧૫ ફૂટ ઉંચા મોજા